ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૨-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### ભ્રષ્ટાચાર આગામી ચૂંટણીનો કેન્દ્રવર્તી મુદ્દો

આજકાલ વડાપ્રધાનપદના તમામ ઉમેદવારોના મોઢે સૌથી વધારે ઉચ્ચરિત થતો શબ્દ છે ભ્રષ્ટાચાર. અલબત્ત, બધા દેશમાંથી ભ્રષ્ટાચાર સમાપ્ત કરવાની જ વાત કરે છે પરંતુ દરેકને મન તે પોતે હરિશ્ચંદ્રનો અવતાર છે અને સામો માણસ ભ્રષ્ટ છે. રાહુલ ગાંધીએ બહુ જ ભારપૂર્વક ભ્રષ્ટાચાર નાબૂદી અંગેનાં બિલ રજૂ થાય એવો આગ્રહ રાખ્યો હતો. એમણે લોકપાલ બિલ પસાર કરાવ્યું તે પછી વ્હીસલ બ્લોઅર બિલ અને અન્ય લોક સુખાકારીનાં બિલો એમના સ્વપ્ન સમાં ગણાવાયાં છે. જયારે લોકસભાની બેઠકની મુદત પૂરી થતાં સુધી અમુક બિલો બાકી રહ્યાં ત્યારે એ વિશે વટહુકમ લાવવાની પણ સરકારે તૈયારી રાખી હોય તો તે રાહુલ ગાંધીના આગ્રહને કારણે. પરંતુ રાહુલ ગાંધી એમના બનેવી રોબર્ટ વાડેરાના ભ્રષ્ટાચારની તપાસ કરાવવા તૈયાર નથી. ૨-જી અને કોલસા ગોટાળામાં વળી ખેલ કૌભાંડ કે રેલવે કૌભાંડમાં યુપીએ સરકારની સામેલગીરી જગજાહેર છે. રાહુલ ગાંધી ખાલી એટલું કહીને અટકી જાય છે કે જયાં ભ્રષ્ટાચાર થયો હશે ત્યાં અમે કોઈની શેહ શરમ ભરી નથી; મંત્રીઓને પણ જેલભેગા કર્યા જ છે. મોદીને અત્રતત્ર સર્વત્ર ભ્રષ્ટાચાર દેખાય છે. પોતે દસ વર્ષ સુધી લોકાયુક્તની નિમણૂંક સામે આંખમિચામણાં કરતા રહ્યા, પણ મનમોહનસિંહને મૌનીબાબા ગણાવી તેઓ ભ્રષ્ટાચાર અને કોંગ્રેસને પરસ્પરના પર્યાય ગણીને સભાઓ ગજવે છે. રામદેવબાબા એમના પ્રખર પ્રચારક છે અને એમણે પણ કેટલાક ગોટાળા કરેલ છે, પરંતુ મોદી એમના આ રાષ્ટ્રીય સમર્થકને ખોટી રીતે ફસાવાઈ રહ્યા હોય એમ માને છે. મોદીના પોતાના મંત્રીઓ પૈકી કેટલાકની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો છે. બોખીરિયાને તો અદાલતે સજા પણ કરી છે, છતાં એમનું રાજીનામું લેવાયું નથી. મોદી ખાતો નથી કે ખાવા દેતો નથી-નો દાવો કરતા ફરે છે પરંતુ તાજેતરની તલાટીની ભરતીટાણે જ એક મોટું કૌભાંડ બહાર આવ્યું છે જેનો રેલો સચિવાલય સુધી પહોંચે છે. કેજરીવાલ આ દેશમાંથી ભ્રષ્ટાચારને વાળીઝૂડીને સાફ કરી દેવા કટિબદ્ધ થયા છે. એમની સામે ખુદ એમનાં જ જૂના સાથી કિરણ બેદી અને 'આપ'ની ટિકિટ પર ચૂંટાયેલા વિનોદકુમાર બિન્નીએ આંગળી ચીંધી છે. અણ્ણા હજારેના આંદોલનનું ફરજંદ એવા અરવિંદ કેજરીવાલની સામે અણ્ણાએ પણ શંકાસ્પદ વિધાનો કર્યા છે. મમતા બેનરજી સિવાય આ દેશમાં અણ્ણાને કોઈ 'શુદ્ધ' નેતૃત્વ દેખાયું નથી. માયાવતી, મુલાયમ, જયલલિતા, લાલુ, રામવિલાસ સહિતના કોઈપણ નેતાઓ અને કોઈપણ પાર્ટી માટે ભાજપે એનાં દ્વાર ખોલી નાખ્યાં છે. ત્યાં સુધી કે મોદીને 'મહાભ્રષ્ટાચારી' અને 'ઢૂંઢિયા રાક્ષસ' તથા હિટલર કહેનારી ગોરધન ઝડફિયા અને કેશુભાઈ પટેલની નિષ્ફળ ગયેલી પ્રાદેશિક પાર્ટી ગુજરાત પરિવર્તન પાર્ટીને તેઓ હસતે મોઢે આવકારવા તૈયાર થયા છે. કેજરીવાલ, રાહુલ ગાંધી અને મોદી બેઉ મુકેશ અંબાણીના ખિસ્સામાં હોવાનો છડેચોક આક્ષેપ કરે છે એટલું જ નહીં, એ સીધા જ મુકેશ અને અનિલનાં સ્વિસ બેંકનાં ખાતાનાં નંબર પણ જાહેર કરે છે. સ્વિસ બેંકોમાં પડેલાં કાળાંનાણા પર લાવવાની ડંફાસ મારતા ભાજપના નેતૃત્વ માટે આ કોઈ નાનો સૂનો પડકાર નથી. કદાચ વડાપ્રધાનપદના તમામ ઉમેદવારો પોતાનો ચહેરો દર્પણમાં જોવા તૈયાર નથી. એમને ખબર નથી કે કાચના ઘરમાં રહેનાર સામા માણસના ઘર પર પથ્થર ફેંકવાની હિંમત કરશે તો એની જડબાતોડ પ્રતિક્રિયા પણ મળી શકે એમ છે.



ગોઝારિયાની આદર્શ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૩ના બાળકોએ વર્ગશિક્ષિકા ગીતાબેન પટેલ દ્વારા યોજેલ 'ક્વીઝ કોન્ટેસ્ટ'માં ભાગ લીધો હતો. સત્યમ્ શિવમ્ અને સુંદરમ્ નામની પાંચ-પાંચ બાળાઓની ત્રણ ટીમોમાંથી સુંદરમ્ ટીમ વિજેતા બની હતી. વિજેતા ટીમને વર્ગ શિક્ષિકાએ ઈનામ આપીને પ્રોત્સાહિત કરી હતી. બાળકોને શિક્ષણમાં રૂચિ કેળવાય અને રમત અને સ્પર્ધાના તત્વ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભા વિકસાવવા જહેમત ઉઠાવી રહેલા શિક્ષિકા ખરેખર પ્રસંશાને પાત્ર છે.

૨૪૦ શિક્ષકોને હજુ સુધી કાયમી કરાયા નથી

## ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો કાયમી ન થતાં રોષ

### શિક્ષકો દ્વારા રાજ્યના શિક્ષણ વિભાગ સમક્ષ માંગ કરાઈ

અમદાવાદ, તા. ૨૪

છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્યની અંદાજે ૫૦ કરતા વધુ નોન-ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવી છે. પરંતુ આ શાળાઓમાં ફરજ બજાવતા ૨૪૦ જેટલા શિક્ષકોને કાયમી કરવામાં આવ્યા નથી. જેના કારણે આ શિક્ષકોમાં નારાજગી વ્યાપી જવા પામી છે. આ શિક્ષકોએ રાજ્યના શિક્ષણ વિભાગ સમક્ષ તેમને કાયમી કરવાની માંગ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે કમિટ રીતે કેટલીક નાનો-ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગત વર્ષે અદાજે ૫૦ કરતા વધુ નોન-ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવી છે. પરંતુ આવી ગ્રાન્ટેડ કરાયેલી શાળાઓના શિક્ષકોને નોકરીમાંથી બાકાત કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી પરંતુ શિક્ષકોએ તેનો વિરોધ કર્યો હતો. અને રાજ્ય સરકાર સમક્ષ તેમને કાયમી કરવા માટે માંગ કરી છે. શિક્ષકો દ્વારા પોતાની રજુઆતમાં એવું કહેવામાં આવ્યું છે કે સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરાઈ ત્યારે તેમાં જે શિક્ષકો નોકરી કરતા હતા તેમને ગ્રાન્ટેડ શાળામાં કાયમી શિક્ષક તરીકે નોકરીએ રાખવામાં આવ્યા છે તો જ્યારે સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવી ત્યારે તેના શિક્ષકોને કાયમી કરવામાંથી બાકાત કેમ રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા સારી કામગીરી કરનાર કેટલીક સ્વનિર્ભર શાળાઓને કાયમી કરવામાં આવે છે.

## ચૌધરી મહિલા કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

સે. ૭માં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં જ્ઞાન-ધારા અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધાનો વિષય 'પુસ્તકો સાથે મૈત્રી' રાખવામાં આવ્યો હતો.

ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં યોજાયેલી આ નિબંધ સ્પર્ધામાં કુલ ૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે વૃષાલી ચૌધરીએ પ્રથમ, વિધિ ચૌહાણે દ્વિતિય અને દિવ્યા પ્રજાપતિએ તૃતીય ક્રમાંક હાંસલ કર્યો હતો. વિજેતાઓને પ્રોત્સાહન રૂપે પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

## આજે એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ દ્વારા કાર્નિવલ

ગાંધીનગર, તા. ૨૪

એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા ધ અનએસૈલેબલ કોમ્પીટીશન કાર્નિવલ ૨૦૧૪નું આયોજન કરવામાં આવેલ છે. ઓ.એન.જી.સી. અમદાવાદના ડાયરેકટર જે.જી. ચતુર્વેદી મુખ્ય મહેમાન સુપ્રસિદ્ધ લેખિકા કાજલ ઓઝા વૈદ્ય અતિથિ વિશેષ તરીકે પધારશે. ૨૦૧૪-૧૫ના પ્લેસમેન્ટ બ્રોશરનું કલર્સની થીમ આધારીત અંકનું વિમોચન કરવામાં આવશે. કાર્નિવલમાં ૯ ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. સંચાલન એસ.કે. પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવશે.

## આર્યુવેદના ચિત્રો ભેટ આપશે

ગાંધીનગર, તા. ૨૪

નેશનલ આર્યુવેદ સમિતિ દ્વારા આર્યુવેદનું મહત્વ વધે અને લોકો આર્યુવેદ તરફ વળે તે માટે મહાત્મા મંદિર ખાતે તબીબોનું સંમેલન યોજાશે. આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ યોજાનાર સંમેલનમાં ગાંધીનગરના જાણીતા અને ૮૦ વર્ષની વયે પણ જેમનો પિંછી સાથે ગાઢ નાતો છે તેવા ચિત્રકાર કૃષ્ણકાન્ત જોષી સંમેલનમાં આર્યુવેદનો આ ઈતિહાસ વર્ણવતા ચિત્રો ભેટ આપશે. ચિત્રકારે આર્યુવેદના આ ઈતિહાસથી લોકો વાકેફ થાય તે માટે ચિત્રો દોરી સમજાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

## શિશુવાટિકાના બાળકોએ પ્રવાસની મજા માણી

ગાંધીનગરના સે-૨૨માં વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા સંચાલિત શ્રી સરસ્વતિ શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ અને વાલીઓના સંયુકત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસના મુખ્ય સ્થળોમાં ઋષિવન સપ્તેશ્વર અને મહુડીનો સમાવેશ કરાયો હતો. આ પ્રવાસમાં બાળકો અને વાલીઓ સહિત કુલ ૫૦ વ્યકિતઓએ ભાગ લીધો હતો.

## હરિની દૃષ્ટિ...





સાહેબ, ન બોલવા જેવું પણ બોલવું હોય તો બોલી નાખો, પછી તો બોલવા જેવું પણ નહીં બોલવા ન દે.

## વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં વર્ગ સુશોભન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૪

બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં શાળાના સ્થાપક સ્વ. નટવરસિંહજી સોલંકીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે પ્રાથમિક વિભાગના બાળકોએ વર્ગ સુશોભન કરી સ્મરણાંજલિ અર્પી હતી.

શહેરના સેકટર-૨૮ની બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સ્થાપક સ્વ. નટવરસિંહ સોલંકીની જન્મ શતાબ્દી ઉજવી રહ્યું છે જેના ભાગરૂપે શાળાના પ્રાથમિક વિભાગના બાળકોએ પોતાની અંદર રહેલી શકિતને બહાર લાવી વર્ગ સુશોભન કર્યું હતું.

શાળાના ધોરણ ૫ થી ૮માં અભ્યાસ કરતા બાળકોએ જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે વિવિધ પ્રકારના ચાર્ટસ, મોડલ્સ, માટી કામના નમૂના, ચિત્રો બનાવી વર્ગ સુશોભિત કરવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ સુશોભન કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા, શિક્ષકગણે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી.

## વાવોલ ખાતે એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ ખાતે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ અને વિદાય સમારંભ પ્રગતિ મંડળના પ્રમુખ પોપટભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

સમારોહ વિદ્યાર્થીઓને કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મુખ્ય મહેમાન પૃથ્વીભાઈ શાહે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે પડકારોનો સામનો કરી જીવનમાં દરેક ક્ષેત્રે આગળ વધવાની શીખ આપી હતી અને જણાવ્યું હતું કે આ સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરી જવલંત સફળતા મેળવવા માટે કટીબદ્ધ થવા જણાવ્યુ હતુ.

આ પ્રસંગે પૃથ્વીભાઈ શાહે વિદાય લેતા વિદ્યાર્થીને પેન ભેટ આપી હતી. અને ૨૫ વિદ્યાર્થીનીઓને ડ્રેસ વિતરણ કર્યા હતા. સમારોહમાં મંત્રી રઘુસિંહ ગોલ, કુબેરસિંહ ગોલ, મહંમદભાઈ શેખ, આચાર્યા જાગૃતિબેન જાની, સોનલબેન ગોલ, સહિત મોટી સંખ્યામાં શિક્ષકગણ, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નૃત્યોત્સવ... ધૂમ મચાલે ધૂમ સાથે ખેલૈયાઓનું પાવરપેક પરર્ફોમન્સ...

### ગાંધીનગર કલ્ચરલ ફૉરમ અને શહેરની સહયોગી સંસ્થા દ્વારા સુર્વણ ગાંધીનગર ઉત્સવનાં નૃત્યોત્સવમાં ૧૦૦૦ કલાકારોએ એક જ મંચ પરથી વિવિધ ૩૦ કૃતિઓની ધમાકેદાર પ્રસ્તુતિની પ્રથમ ઘટના નોંધાઈ : 'સૂરમધુર'ના વર્સેટાઈલ તાંડવથી બમ્બઈયા ડાન્સ વન્સમોરથી ગૂંજતો રહ્યો

'સુર્વણ ગાંધીનગર ઉત્સવ'નો પૂર્વાધ જયાં શાનદાર રહ્યો અને અદ્‌ભુત દિપ પ્રાગટ્ય સાથે નગરના ઉત્થાનમાં જેમણે મહત્વનું યોગદાન



આપ્યું એવાં પુણ્યાત્માને આદરાંજલિ અર્પાઈ અને શહેરની વિવિધ શાળા-મહાશાળા અને સાંસ્કૃતિ સંસ્થાઓએ એમની ૧૨ કૃતિઓ રજૂ કરી ત્યાં એનો ઉત્તરાર્ધ તો એનાથીય અધિક ધમાલના પરફોર્મન્સથી અવિસ્મરણિય બની રહ્યો.


રવિવારનો દિવસ અને આગલા દિવસે થયેલ ભવ્ય-દિવ્ય શુભારંભની ચર્ચા નગરમાં ઠેકઠેકાણે જોવાં મળી અને એના પ્રતિસાદ રૂપે પબ્લિક પણ ઉમંગ-ઉત્સાહ ભેર સમયસર કાર્યક્રમ માણવાં આપી પહોંચી. સમયપાલનમાં કલ્ચરલ ફોરમે અત્યંત શિસ્ત જાળવી છે અને આજે પણ એને વળગી રહેતાં આઠ ને ટકોરે કાર્યક્રમનાં સૂત્ર સંચાલક ડૉ. વર્ષા પારેખે એમનો ટહૂકો કર્યો અને સરસ્વતિ વિદ્યાલયનાં બાળકો 'વંદે માતરમ'ની રચના સાથે પ્રથમ કૃતિથી જ છવાઈ ગયાં. મલ્હાર ગૃપનું બેડા નૃત્ય 'સૂના સરવરીયાને કાંઠે'માં એમની રીધમ અને કોમ્બિનેશન સાથે બેલેન્સ અદ્‌ભુત રહ્યાં.

હજુ પરમ દિવસે જ સેન્ટ ઝેવિયર્સના વાર્ષિકોત્સવમાં જે ડાન્સે તાળીઓનો ગડગડાટ સાંભળ્યો હતો એ જ કૃતિ અહીં રજૂ થઈ વેસ્ટર્ન ડાન્સ 'સાલે લા લે લે લે...'ના રિધમ પરનાં સ્ટેપ્સ અને બ્લ્યુ મેક્ષીડ્રેસમાં મસ્તીથી નાચતી બાળાઓ એટલે સહજ લાગતી પરીઓ. અને એમનાં ડાન્સને પ્રોત્સાહિત કરવાં ઓડિયન્સમાં ફાધર હેકટર પણ હાજર જ હતાં. હાથમાં ટીખણી સાથે સુંદર વસ્ત્ર પરિધાન અને ચાવી ભરેલા રમકડાં જેવું ડિસીપ્લીનમાં ઠેકો લેતી કન્યાઓ 'હું તો લહેરીયું ઓઢી પાણીડા નીસરી રે..'ની મજાની કૃતિ એટલે સુંદરમ કલ્ચરલ ગૃપ ઑફ પરફોર્મીંગ આર્ટની રજૂઆત જામી ગઈ...

પંજાબી લોકનૃત્ય એટલે ભાંગડા અને એ કૃતિ સાથે શેઠ સી.એમ. પટેલ હાઈસ્કુલનાં વિદ્યાર્થીઓએ 'યે દેશ વિર જવાનો કા, અલબેલો કા, મતવાલો કા, ઈસ દેશ કા યારો કયા કહેના....' સાથે ઢોલ પર દાંડી પીટીને મસ્તીને અંગઅંગમાં ભરી ભાંગડા નૃત્ય કર્યું. એમાંય એ અને ખેતીના અસ્સલ હળ સાથેનો અંત આનંદદાયક રહ્યો હતો. ભાવીન પટેલનું 'પનઘટ' ગૃપ એટલે ગાંધીનગરની વિશિષ્ટ ઓળખ, રાજય અને રાષ્ટ્રીય સ્તરે નામના મેળવનાર કલાકારોએ અલી હેંડ ઝટ ઝટ જઈએ રે... શ્રાવણીયા મેળામાં. . ભરપૂર એનર્જી, અવનવી એકશન અને એક-બે-ત્રણ તાલી-હીંચ સાથે દમદાર રજૂઆત કરી.

ઘૂમર અને કાલબેલીયા ડાન્સ સાથે આર.સી. પટેલ હાઈસ્કુલ આવી અને 'હો મારી ઘૂમર છે નખરાળી...' લાલ લીલાં-પીળાં ચણીયાચોળી અને રાજસ્થાની સ્ટાઈલની ઘૂમરીઓ સાથેનું નૃત્ય. આપણો રાજસ્થાનની ઝલક બતાવી દીધી.. મિશ્ર રાસ સાથે માઉન્ટ કાર્મેલના વિદ્યાર્થીઓએ 'એક સાબરકાંઠાનો ટહૂકાર, એનાં દલડામાં છે, ડીકે ઘેનુ ભરી આવી...' મસ્ત કોમ્બીનેશન સાથે ધમાલ રાસ લેવાયો. 'તારે જમી પર' ફિલ્મના ગીત

દેખા ઈન્હે, ખોં ના જાયે યે કહી તારે જમી પે.. માં બ્રેક-સાલ્સા ડાન્સ સાથે બ્લેક કપડામાં કરેલો ડાન્સ એટલે ડાન્સ ઈન્ડિયા ડાન્સની જ કોઈ કૃતિ જોતા હોઈએ એવું લાગે...





જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયનું બેડા નૃત્ય 'બેડા ખાલી કરૂને વળી પાછા ભરૂં...'માં નમામી દેવી નર્મદે..ની સ્તુતિ સાથે મારી ગાગરડીમાં ગંગા- જમના રે..પનઘટ પાણી મારે જાવા રે, લાલ અને સફેદ ચણીયાચોળીમાં બેડાનાં અદ્‌ભુત સંતુલન સાથેનું નૃત્ય મનલોભાવન રહ્યું. 'જય જય ગરવી ગુજરાત, દિસે અરૂણોદય પ્રભાત..'ના વિરરસની રચના સાથે માંડવો-હુડો-ટિપ્પણી-ડાંગી જેવા મલ્ટી કોમ્બીનેશન સાથે આર.જી. કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓ આવી અને 'હરિ હરિ ને વનનો મોરલો ગિરધારી રે,' સાથે ચારેય પ્રકારનાં નૃત્યો બખૂબી કરીને દાદ મેળવી ગયાં...



વેસ્ટર્ન ફયુઝનનો રાસ 'રૂડીને રંગીલે રે, વાલા તાળી વાંસળી રે લોલ...' અને એ પણ યુવી લાઈટની ઈફેકટ સાથે એક અત્યંત મોર્ડન અખતરો અને એ સૌને અચંબામાં નાંખી દીધો. છેલ્લે સફેદ સ્કિનર પર રાધા-કૃષ્ણની ગોલ્ડન આઉટ લાઈનની ઈમેજને ઉપસાવી વાહના ઉદ્‌ગાર પામી ગઈ... ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ, બાર બાર યાર હૉ, અપની જીત હો, ઉનકી હાર હો, કોઈ હમસે જીત ના પાયે, ચલે ચલો...વા ગીત પર ત્રિરંગા સાથે અને પછી જય જય જય હો અને ભારત માતા કી જય.. ના નારા સાથે જોશભેર ડાન્સ કર્યો. ચૌધરી ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભારતમાતાની મૂર્તિને વિવિધ ધર્મો હિન્દુ-મુસ્લિમ-શીખ-ઈસાઈ ગોઠવે છે અને ગાંધીજી આવીને પછી સૌને એકત્રિત કરે છે એવું એકાત્મતાના સૂત્રને વણી લેતી થીમ સાથે 'સુનો ગૌર સે દુનિયાવાલો, બુરી નજરનાં હમ પે ડાલો...' સાથે સુંદર રજૂઆત કરી..



ઉઘડતે પડદે
—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

ગાંધીનગરમાં ૩૧ વર્ષથી નૃત્ય અને સંગીતને વરેલી સંસ્થા 'સૂરમધુર' એની 'ડાન્સ હિસ્ટ્રી ઑફ ઈન્ડિયા' સાથે આવ્યું. ભારતમાં નૃત્યની શરૂઆત દેવોનાકાળથી થઈ એવી વાત સાથે 'શિવ તાંડવ' નૃત્ય આવ્યું. પછી આદિવાસી નૃત્ય અને સ્ટેપ્સ-વેશભૂષા છે કે સૌને પત્થરિયા યુગમાં લઈ ગયા. અને પછી સાંપ્રત નૃત્યમાં એમણે મરાઠી લાવણી પસંદ કરેલી. અપ્સરા આલી અને મલા જાઉધ્યાનાં ઘરી આના વાજલેકી બારા જેવી નટરંગ ફિલ્મની લાવણી અસ્સલ કોલ્હાપુરી મરાઠી મિજાજમાં રજૂ કરી.

કથ્થક ડાન્સ કલા શાસ્ત્રીય પરથી રાજામહારાજાનો શોખ બન્યો અને બાદમાં ફિલ્મોમાં આવતાં લાગ્યા એવી વાત સાથે દેવદાસનું કલાસીક ગીત, 'કાહે છેડ, નંદ કો લાલ આવત નાહી' જાણે અહીં માધુરી દીક્ષિત જ ના આવી હોય બસ એવી જ રજૂઆત અને પછી શરૂ થયો બમ્બઈયા ડાન્ય 'યારાના'ના બચ્ચન જેવો લાઈટીંગ વાળા ડ્રેસ સાથે બે ડાન્સરો આવ્યા અને પછી તો 'ધૂમ મચાલે ધૂમ', ઢીક ચિકા હે હે કે અને 'નાગાડા સંગ ઢોલ બાજે...માં બધી વેરાયટી એક સાથે રજૂ કરી છવાઈ ગયા 'સૂરમધુર' ગૃપના કલાકારો.. મયંક દવે આ ગૃપના સંસ્થાપક અને એમની મહેનત, સિલેકશન અને પરફોર્મન્સને જેટલી દાદ આપીએ એટલી ઓછી, બંને દિવસની બધી કૃતિઓમાં આ સર્વશ્રેષ્ઠ બની રહી અને વન્સમોર માટે ગૂજતી રહી...

'રાગા' ગૃપનું સોરઠીયા સાથેનો રાસ એમાં ઢાલ-તલવાર સાથેનું નૃત્ય પણ લોકોની પ્રશંસા મેળવી ગયું. અંતમાં ગ્રાન્ડ ફિનાલે રજૂ થયું જેમાં આ દરેક કૃતિઓને સજાવનાર એક સાથે સ્ટેજ પર પધાર્યા અને એ વખતે કોઈનું નહીં તોય સૌનું વતન એવું ગાંધીનગર. ગીત વાગતું હતું. જેના રચયીતા હતાં અગેઈન પેલા 'સૂરમધુર'ના મયંક દવે.. દરેક ગૃપનાં સભ્યો એક સાથે મંચ પર આવી ફી ડાન્સ કરીને કાર્યક્રમની સમાપ્તી કરી.

સુવર્ણ ગાંધીનગર ઉત્સવની દમદાર ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ અતિભવ્ય કાર્યક્રમમાં ગાંધીનગરની વિવિધ શાળા-મહાશાળા અને સાંસ્કૃતિ સંસ્થાઓનાં ૧૦૦૦ કલાકારો અને ૩૦ જેટલી કૃતિ એક જ વિશાળ મંચ પર આવીને ભજવાય અને એ પણ આ આપણાં શહેરનાં ૫૦ વર્ષ પૂર્ણ થવાનાં માનમાં, અત્યંત અદ્‌ભુત નજારો યોજાયો. અનેકતામાં એકતાના દર્શન જેવા દરેક સંસ્થા, ગાંધીનગરનાં મોભીઓ, કલાકારો અને અફકોર્સ નગરને ચાહતા અને કાર્યક્રમને માણવા આવેલા આપણાં શહેરના નાગરિકો સૌ અભિનંદનને પાત્ર છે. એક શહેરમાં રહેતા લોકોને એક છત્ર નીચે લાવવાનું ભગીરથ કાર્ય કરનાર કલ્ચરલ ફોરમ અને એની ટીમ પોતીકાપણાની સુવાસ ફેલાવી રહી છે. આવનારાં સમયમાં અનેક સ્પર્ધાઓ, ઉત્સવો, મેળાઓ યોજાનાર છે. ઘેરઘેર રોશની અને રંગોળી જેવું કાર્ય તો સૌ કોઈ કરી જ શકે ને? આપણાં ગાંધીનગર માટે.. તો પ્યારા શહેરવાસીઓ તૈયાર રહો સૉલિડ સેલિબ્રેશન માટે...